# શહેરમાં વાદળિયા વાતાવરણમાં વરસાદની આશ વચ્ચે આકરો બફારો

**મહત્તમ તાપમાન ૪૦.૪ ડીગ્રી રહ્યુ : ગરમીનો પારો નીચે ઉતર્યો પરંતુ વાતાવરણમાં ઉકળાટનુ પ્રમાણ વધતા નગરજનો આકારા બફારાથી ત્રાહીમામ**

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરમાં છેલ્લા ત્રણ મહીનાથી આક્રમક ગરમીએ સૌ કોઈને બેચેન કરી દીધા છે. જયારે છેલ્લા બે ત્રણ દિવસથી સર્જાયેલા વાતાવરણ પલ્ટાના લીધે નગરજનોમાં હવે વરસાદની આશ મંડરાઈ છે. આજે પણ સવારથી જ વાદળિયા વાતાવરણ વચ્ચે ગમે ત્યારે મેઘરાજાની પધરામણી થશે તેવી આશ બંધાઈ હતી. પરંતુ આકાશમાં લુપાછુપી રમતા વાદળો વિખેરાઈ જતા વરસાદની ગેરહાજરી વચ્ચે નગરજનોએ આકરો બફારો વેઠવાનો વારો આવ્યો હતો. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૪૦.૪ ડીગ્રી રહ્યુ હતુ.

ગાંધીનગરમાં છેલ્લા બે દિવસથી વાતાવરણ પલ્ટો જોવા મળે છે. ગઈકાલની જેમ આજે પણ દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે ગરમીનુ સામ્રાજય યથાવત રહ્યુ હતુ. મહત્તમ તાપમાન ૪૦.૪ ડીગ્રી રહ્યુ હતુ જયારે લઘુત્તમ તાપમાન ૨૮.૯ રહ્યુ હતુ. સવારે ભેજનુ પ્રમાણ ૭૭ ટકા રહ્યુ હતુ જયાર સાંજના સમયે વાતાવરણમાં ૪૧ ટકા ભેજ રહ્યો હતો. સવારથી જ વાદળિયા વાતાવરણની અસર વચ્ચે આકાશી નઝારો બદલાયો હતો જયારે બપોરના સમયે પણ આકાશમાં વાદળોની અવરજવર યથાવત રહી હતી. વાદળો વચ્ચે લુપાછુપી રમતા સુરજદાદા વરસાદી વાયરા વચ્ચે પણ આકરો તાપ વરસાવતા નગરજનોએ વાદળિયા વાતાવરણ વચ્ચે પણ આકરી ગરમી સહન કરવાનો વારો આવ્યો હતો. ગઈકાલે પણ શહેરમાં વાદળિયુ વાતાવરણ રહ્યુ હતુ જો કે ગઈકાલે પણ ગરમીનુ જોર યથાવત હતુ જયારે આજે પણ સવારથી વાદળિયા વાતાવરણની વચ્ચે પણ નગરજનોએ ગરમી સહન કરવાનો વારો આવ્યો હતો. સતત બદલાતા આકાશી નઝારા વચ્ચે વરસાદી વાદળો ડોકીયા કરીને અદ્રશ્ય થઈ જતા નગરજનો મેઘરાજાની આશ વચ્ચે અસહ્ય બફારાથી ભીંજાયા હતા. દિવસનો ઉકળાટ અસહ્ય બન્યો હતો. જયારે ગઈકાલની સાપેક્ષમાં મહત્તમ તાપમાનમાં ગિરાવટ આવી હતી. વળતા ઉનાળે ગરમીનુ જોર ઓછુ થતુ નથી આ વર્ષે ગત માર્ચ મહીનાથી શરૂ થયેલી આકરી ગરમીથી નગરજનો હવે ત્રાહીમામ પોકારી ગયા છે. ગરમીએ આ વખતે હદ વટાવતા શહેરીજનો હીટવેવથી વિશેષ પ્રભાવિત છે. મહત્તમ તાપમાન પણ ૪૫ ડીગ્રીની પાર જતુ રહ્યુ હતુ. જયારે ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં મહત્તમ દિવસ ગરમીનો પારો ૪૦ ડીગ્રીની પાર રહેતા નગરજનો સતત હીટવેવથી પરેશાન છે. છેલ્લા બે ત્રણ દિવસથી પલ્ટાયેલા વાતાવરણના લીધે શહેરીજનોમાં વરસાદની આશ પ્રબળ બની છે.

જયારે આજે પણ સવારથી જ આકાશમાં વરસાદી વાદળો અંગડાઈ લેતા નજરે પડયા હતા બપોરના સમયે પણ વાદળિયા વાતાવરણ વચ્ચે સતત તડકા છાંયડા વચ્ચે વરસાદી છાંટણા થશે તેવી આશ બંધાઈ હતી. પરંતુ વરસાદ હાથતાળી આપી ગયો હતો. મોડીસાંજે પણ વરસાદી વાયરો યથાવત રહ્યો હતો. પરંતુ દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે પણ નગરજનોએ અસહ્ય બફારો અનુભવ્યો હતો આકરા તાપ બાદ હવે આકરા ઉકળાટથી શહેરીજનો બેબાકળા બન્યા છે. આવા સંજોગોમાં હવે મેઘરાજાની ધમાકેદાર પધરામણી થાય તેવી આશ પણ પ્રબળ બની છે.

# શહેરમાં કોરોનાના વધુ પાંચ કેસ નોંધાયા

**સરગાસણમાંથી ૩ કેસ તેમજ સે. ૨૪ અને સુઘડમાંથી એક-એક કેસ મળ્યો**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ પાંચ કેસ નોંધાયા છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો એક પણ નવો કેસ નોંધાયો નથી.

ગાંધીનગર શહેરમાં લોકલ ટ્રાન્સમિશન ઝડપથી થઈ રહ્યુ હોવાથી તંત્રની ચિંતા વધી છે. શહેરમાં કેસોની ગતિ વધી છે. શહેરમાં જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ પાંચ કેસ નોંધાયા છે જેમાં ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં ૪ તેમજ શહેરમાં સૌથી વધુ વસ્તી ધરાવતા સે. ૨૪માંથી એક કેસ મળી આવેલ છે.

આજે નોંધાયેલ પાંચ કેસમાં બે દર્દી કોવિડ-૧૯થી સંક્રમિથ થયેલા દર્દીના સંપર્કમાં આવતાં સંક્રમિત થયા છે. તો બે દર્દી કોઈપણ પ્રકારની ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા નથી. એક દર્દી મહેસાણા ખાતે ભાઈના લગ્નમાં હાજરી આપી પરત ફર્યા બાદ કોરોનામાં સપડાયાનું જાણવા મળેલ છે.

આજે નોંધાયેલ પાંચ કેસમાં ૩ મહિલા દર્દીઓ છે. મહિલા દર્દીની સંખ્યામાં થઈ રહેલા વધારાથી પણ તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ સરગાસણ ગામમાંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. જેમાં એક યુવા દંપત્તિનો સમાવેશ થાય છે. આ દંપત્તિ કોરોનાથી સંક્રમિત થયેલ દર્દીના સંપર્કમાં આવતાં કોરોનામાં સપડાયા છે.

સરગાસણમાં એક ૭૪ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

સુઘડ ગામેથી એક ૩૩ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દી કોઈપણ પ્રકારની ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતો નથી. આ યુવાન કેવી રીતે સંક્રમિત થયો તેને લઈ તંત્ર દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

સે. ૨૪માંથી એક ૩૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ મહિલા તેણીનીના ભાઈના લગ્નમાં હાજરી આપવા ગઈ હતી અને ૧લીએ જ પરત ફરેલ છે. તાવ અને અન્ય લક્ષણો

● અનુસંધાન પાન-૭ પર





ગાંધીનગરની ઓળખ ઉદ્યાન નગરી તરીકેની પણ છે. શહેરમાં આવેલા બગીચાઓ શહેરની શાન છે. દાયકાઓ અગાઉ બનેલા બગીચાઓ રોનક ગુમાવી ચૂક્યા હતા તેનુ ફરીથી નવીનીકરણ કરીને સુવિધાઓમાં વધારો કરવામાં આવ્યો છે. સેક્ટર-૪ના બગીચાનું રીનોવેશન થોડાક સમય અગાઉ જ કરવામાં આવ્યું હતું. પરંતુ તેના સાધનો તુટી ગયા છે. લાકડાનો ટ્રેક, રબર ટ્રેક પણ તુટી ગયો છે.



# વિરોધાભાસી આગાહીઓ વચ્ચે કલોલમાં ૧ મી.મી. વરસાદ

**હવામાનખાતાની ૧૨મીએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી, દાંતીવાડા કૃષિ યુનિ. ૧૫મી સુધી વરસાદની શક્યતા નહિ હોવાનું પૂર્વાનુમાન કરે છે**

ગાંધીનગર, તા. ૧૧

વરસાદની આગાહીને લઈ હવામાનતંત્રમાં જ વિરોધાભાસ જોવા મળી રહ્યો છે. હવામાન ખાતુ ૧૨મીએ ગાંધીનગર જિલ્લામાં છુટા છવાયા સ્થાનો પર હળવાથી મધ્યમ વરસાદ થશે તેવી આગાહી કરી છે, જ્યારે દાંતીવાડા કૃષિ. યુનિ.ના હવામાનશાસ્ત્ર વિભાગ દ્વારા જારી કરવામાં આવતા હવામાન-પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૨૧માં ૧૫મી સુધી જિલ્લામાં વરસાદ પડવાની શક્યતા નથી તેમ જણાવ્યુ છે.

હવામાન વિભાગે જિલ્લાવાર હવામાન અંગે અને વરસાદને લઈ કરેલા પૂર્વાનુમાનમાં ૧૨મીએ જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદ થવાની આગાહી કરી છે. જ્યારે આજે ૧૧મીએ સાંજના સુમારે ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં સાંજે ૬ વાગ્યા સુધીમાં ૧ મી.મી. વરસાદ નોંધાયો છે.

દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્ર વિભાગ દ્વારા હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૨૧માં તા. ૧૧ થી ૧૫ જૂન દરમ્યાનના પાંચ દિવસ દરમ્યાન આકાશ અંશતઃ વાદળછાયુ રહેશે અને વરસાદ પડવાની શક્યતા નથી તેમ જણાવ્યુ છે.

આ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે મહત્તમ તાપમાન ૩૮ થી ૪૧ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૯-૩૦ ડિગ્રી સે. રહેવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. હવામાં ભેજનું પ્રમાણ ૨૩ થી ૬૬ ટકા વચ્ચે રહેવાની સંભાવના વ્યક્ત કરાઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

# સેકટરોમાં આજે પાણીના સપ્લાયનો ફોર્સ ઘટી જશે

**નભોઇ પમ્પીંગ સ્ટેશનમાં યુ જી વી સી એલની લાઇનમાં ખામી સર્જાતા રવિવારે સવારે સપ્લાય પ્રભાવિત થશે : નિયત સમય કરતા મોડુ પાણી સપ્લાય કરવામાં આવે તેવી પણ સંભાવના : પાણી પુરતા ફોર્સથી નહી આપી શકાય : તંત્ર**

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગર શહેરમાં આજે પાણીનો સપ્લાય પ્રભાવિત થશે. નભોઇ પમ્પીંગ સ્ટેશન પાસે યુ જી વી સી એલની લાઈનમાં ખામી સર્જાતા શનિવારે સાંજ સુધી ચરેડી અને સરિતા ટાંકીમાં નભોઈથી પાણીનો સપ્લાય થઈ શકયો નથી જયારે આ ફોલ્ટના રીપેરીંગનુ કામ પણ ચાલી રહ્યુ છે. આવા સંજોગોમાં શહેરના સેકટરોમાં રવિવારે સવારે અપાતા પાણીના સપ્લાયમાં વિલંબ થાય તેવી સંભાવના છે. જયારે પાણી પણ પુરતા ફોર્સથી સપ્લાય ન થઈ શકે તેવી શકયતા પણ પાટનગર યોજના વિભાગના સુત્રોએ વ્યકત કરી છે.

ગાંધીનગરમાં આકરી ગરમીના દિવસોમાં સેકટરવાસીઓની પાણીની જરૂરિયાત સંતોષવા માટે પ્રતિદિન ૬૦ થી ૬૫ એમ એલ ડી પાણી સપ્લાય કરવામાં આવે છે. આમછતા સેકટરોમાં સમયાંતરે પાણીની પોકરા ઉઠવા પામે છે. હાલ સેકટરોમાં દાયકાઓ જુની પાણીની લાઈન બદલવાનુ કામ પણ ચાલી રહ્યુ છે. જયારે ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં પાણીની જરૂરિયાત સંતોષવા માટે નર્મદાના પાણી ઉપરાંત સેકટરોના બોરનુ પાણી પણ સપ્લાય કરવામાં આવે છે. જેથી શહેરીજનોને પુરતા ફોર્સથી સપ્લાય આપી શકાય આ માટે સેકટરોના બોર પણ વધુ સમય સુધી કાર્યરત રાખવામાં આવે છે. જો કે પાણીની લાઈન બદલવાનુ કામ ચાલી રહ્યુ છે. ત્યારે સરીતા અને ચરેડી પમ્પીંગ સ્ટેશનમાં પણ ટેકનિકલ ખામી સર્જાતા પણ ઘણીવાર પાણીનો સપ્લાય પુરતા પ્રમાણમાં આપી શકાતો નથી. જયારે નભોઈ પમ્પીંગ સ્ટેશન કે જયાંથી સરિતા અને ચરેડી ખાતે પાણી સપ્લાય કરવામાં આવે છે ત્યારબાદ સેકટરોમાં પાણીનો સપ્લાય આપવામાં આવે છે. પરંતુ આજે નભોઈ પમ્પીંગ સ્ટેશનમાં યુ જી વી સી એલની લાઈનમાં ટેકનિકલ ખામી સર્જાતા પાણી સપ્લાય થવામાં વિલંબ થાય તેમ છે. જેના લીધે શનિવારે સાંજ સુધી ચરેડી અને સરિતા ટાંકીમાં પાણી સપ્લાય થઈ શક્યુ ન હતુ આ અંગે પાટનગર યોજના વિભાગના સુત્રોના જણાંવ્યા મુજબ હાલ યુ જી વી સી એલ દ્વારા સમારકામ ચાલી રહ્યુ છે. પરંતુ આ કામગીરી પુર્ણ થતા સમય લાગશે જેથી રવિવારે સેકટરોમાં સપ્લાય થતો

● અનુસંધાન પાન-૭ પર

# સોમવારે સ્થાયી સમિતિની મહત્વની બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર મહાનગરપાલિકાની સોમવારે સ્થાયી સમિતિની મહત્વની બેઠક મનપાના સ્થાયી સમિતિના ખંડમાં મળશે.

ચેરમેન જસવંતભાઈ પટેલના અધ્યક્ષસ્થાને બપોરે ૧.૩૦ કલાકે મળનારી આ બેઠકમાં ૧૬ થી વધુ મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરી આખરી નિર્ણય લેવામાં આવશે.

શહેરના જુદા જુદા સેક્ટરોમાં પેવર બ્લોકના કામો અંગેના ટેન્ડર આ ઉપરાંત જુદા જુદા સેક્ટરોમાં થયેલ પેવર બ્લોકની કામગીરીના બાકી રહેતા નાણાંની ચૂકવણી અંગે પણ નિર્ણય લેવામાં આવશે.

**૧૬થી વધુ મુદ્દાઓ ચર્ચાશે**

આ બેઠકમાં મનપામાં શહેરી પછાત વિસ્તારમાં માળખાકીય સુવિધાના કામો અને શહેરની પેરીફેરી વિસ્તારના ગામોમાં પાયાની સુવિધાઓ અંગે યોગ્ય માર્ગદર્શન આપવા તેમજ દરેક કાઉન્સીલરને કેટલા હિસ્સામાં ગ્રાન્ટ વાપરવી તેમજ વર્ષ ૨૦૨૧-૨૨ની બચત ગ્રાન્ટ ચાલુ સાલે વાપરી શકાય કે કેમ વિગેરે અંગે કમિશનર તરફથી આવેલ દરખાસ્ત પર ચર્ચા-વિચારણા કરી નિર્ણય લેવામાં આવશે.

આ બેઠકમાં પેથાપુર ન.પા. તેમજ ૧૮ ગ્રામ પંચાયતોમાં ફરજ બજાવતા કર્મચારીઓના પગારમાં વધારો કરવા અંગે પણ નિર્ણય લેવામાં આવશે. કોલવડા અને વાવોલ ખાતે નવા સ્મશાનગૃહ બનાવાની દરખાસ્ત પર વિચારણા કરી નિર્ણય લેવામાં આવશે.

પેથાપુરની ૩ આંગણવાડી, બોરીજની આંગણવાડી તેમજ પેથાપુરની બે આંગણવાડીમાં સોલાર સિસ્ટમ આધારિત આર.ઓ. પ્લાન્ટ લગાવવા સહિતના ટેન્ડર પર આખરી નિર્ણય લેવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

# મનપા ૫૦ હજાર જેટલા ઔષધિય અને શ્રબ્ર પ્લાન્ટની ખરીદી કરી વિતરણ કરશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર મનપા દ્વારા મિશન મિલીયન ટ્રી પ્રોજેક્ટ હેઠળ મોટી સંખ્યામાં જનભાગીદારીથી વૃક્ષારોપણ કરવા માટે ઔષધિય પ્લાન તેમજ શ્રબ્ર પ્લાન્ટના રોપાઓની ખરીદી કરી અને વિતરણ કરશે.

સોમવારે મળનારી સ્થાયી સમિતિની બેઠકમાં ૫૦ હજાર જેટલા રોપા રૂ. ૧૭.૫૦ લાખના ખર્ચે ખરીદવા અંગેના ટેન્ડર પર ચર્ચા-વિચારણા કરી નિર્ણય લેવામાં આવશે. આ ઉપરાંત મનપા દ્વારા વૃક્ષારોપણ કરવા માટે મોટી સાઈઝના વૃક્ષોના રોપા સપ્લાય કરવા એન્યુઅલ રેટ કોન્ટ્રેક્ટ ૫૦ હજાર વૃક્ષો માટે જારી કરાયેલ ટેન્ડર અંગે પણ સ્થાયી સમિતિમાં નિર્ણય લેવામાં આવશે.

મનપામાં મિલીયન ટ્રીના લક્ષ્યાંકને પહોંચી વળવા અને લક્ષ્યાંકનું પ્રથમ વર્ષ હોવાથી તેમજ નિર્ણય કર્યા પછી નર્સરીમાં વૃક્ષો તૈયાર કરવા માટે ઓછો સમય રહેતાં આ અંગે ટેન્ડરો જારી કરવામાં આવ્યા હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

મળતી વિગતો મુજબ ચોમાસા બાદ મનપા દ્વારા પોતાની નર્સરી ડેવલપ કરવા અંગે પણ મન બનાવી લીધુ છે અને તે અંગેનો નિર્ણય પણ ટૂંકમાં લેવામાં આવશે.

છેલ્લી સ્થાયી સમિતિમાં વૃક્ષો માટે પ્લાસ્ટીકની બેગ સહિત અન્ય વસ્તુઓની ખરીદી અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હતો જે ઉલ્લેખનીય છે.

આ ઉપરાંત વૃક્ષોની જાળવણી માટે નવા ટ્રી ગાર્ડ તેમજ જુના ટ્રી ગ્રાડને રીયુઝ કરવા માટે પણ તંત્ર દ્વારા અલગથી વિચારણા ચાલી રહી છે અને ટુંક જ સમયમાં આ અંગે પણ નિર્ણય લેવામાં આવશે તેમ આ સૂત્રોએ ઉમેર્યુ છે.

# ગુડાના સાયકલ શેરિંગ પ્રોજેકટની સાથે સેકટરોમાં સાયકલ ટ્રેકનુ પણ ધોવાણ થયુ

**સેકટરોમાં લાખોના ખર્ચે નિર્માણ કરાયેલા સાયકલ ટ્રેકનો પાર્કીંગ તરીકે ઉપયોગ થાય છે : સાયકલોની ટ્રીન.. ટ્રીન.. બંધ થઇ અને ટ્રેક ઉપર પણ ગંદકીના થર જામ્યા ..**

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરમાં ગુડા દ્વારા શરૂ કરવામાં આવેલા સાયકલ શેરિંગ પ્રોજેકટ બંધ થઈ ગયો છે. ગુડાએ ઉભા કરેલા સાયકલ સ્ટેન્ડ અને સાયકલોની પણ હરાજી કરી દેવામાં આવી છે. આમ નાગરિકોની તંદુરસ્તી અને પર્યાવરણ સુરક્ષાના અભિગમને ધ્યાનમાં રાખી શરૂ કરાયેલા આ પ્રોજેકટ સંદર્ભે સેકટરોમાં નિર્માણ કરાયેલા સાયકલ ટ્રેકને અનુલક્ષીને પણ લાખો રૂપિયાનો ખર્ચ કરાયો છે. જયારે હાલ સાયકલ ટ્રેક પર ગંદકીના થર જામ્યા છે. એટલુ જ નહી પરંતુ સાયકલ ટ્રેકનો ઉપયોગ વાહન પાર્કીંગ માટે થાય છે.

ગાંધીનગરમાં આમ નાગરિકોની તંદુરસ્તી અને પર્યાવરણની જાળવણીના ઉમદા આશયથી શરૂ કરવામાં આવેલા સાયકલ શેરીંગના પ્રોજેકટનુ પીલ્લુ વળી ગયુ છે. સાયકલ શેરીંગના પ્રોજેકટને અનુલક્ષી ગુડાએ ૬૦૦ થી વધુ સાયકલો વિવિધ સ્ટેન્ડ પર મુકવામાં આવી હતી સેકટરોમાં વિવિધ ઠેકાણે સાયકલ સ્ટેન્ડ પણ કાર્યરત કરાયા હતા જયારે સેકટરવાસીઓ ગુડાના સ્ટેન્ડ પરથી સાયકલ મેળવી વિશેષ રીતે આ યોજનાનો લાભ પણ લેતા હતા. પરંતુ કોર્પોરેશન અસ્તિત્વમાં આવતા ગુડનો આ પ્રોજેકટ પણ હવે હવા થઈ ગયો છે. સાયકલ સ્ટેન્ડ દુર કરી સાયકલોની પણ હરાજી કરી દેવામાં આવી છે. જયારે ગુડાએ સાયકલ શેરિંગ પ્રોજેકટને અનુલક્ષી સેકટરોમાં નિર્માણ કરેલા સાયકલ ટ્રેક ઉપર પણ ધુળની ચાદર પથરાઈ ગઈ છે સેકટરોમાં પર્યાપ્ત પાર્કીંગ વ્યવસ્થાના અભાવે લાખોના ખર્ચે તૈયાર કરાયેલા સાયકલ ટ્રેક પર આમ નાગરિકો વાહનો પાર્ક કરી રહ્યા છે. સાયકલ શેરિંગ પ્રોજેકટને અનુલક્ષી સે-૭, સે-૨૪ અને સે-૨૭ માં સાયકલ ટ્રેક તૈયાર કરાયા હતા. જયારે આ ઠેકાણે સાયકલ ટ્રેક તૈયાર કરવા માટે અંદાજિત રૂ ૮૫ લાખનો ખર્ચ કરાયો હતો. આરંભે શુરા જેવી પુરવાર થયેલી આ યોજનાનો લાભ હવે નગરજનોને મળતો નથી. કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ હવે આ જવાબદારી મહાનગરપાલિકાની હોવાનુ જણાંવી યોજનાનુ પીલ્લુ વાળી દેવાયુ છે. જયારે સેકટરોમાં સાયકલિંગ કરવા માટે નાગરિકાને પ્રોત્સાહીત કરવા માટે બનાવવામાં આવેલા ટ્રેક અંગે પણ હજુ ઘણાં સેકટરવાસીઓ અજાણ છે. જયારે ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આખો પ્રોજેકટ જ બંધ કરી દેવાયો છે. ત્યારે સાયકલ ટ્રેક પર ગંદકીના થર જામી ગયા છે. લાખોના ખર્ચ પર પાણીઢોળ થઈ ગયુ છે. બીજીતરફ સ્માર્ટ બનવા આગળ વધતા શહેરમાં પાર્કીંગની સુવિધાના નામે મીંડુ ચિતરાયેલુ છે. ત્યારે આગામી દિવસોમાં કોર્પોરેશન કક્ષાએથી પાર્કીંગના મામલે પણ યોગ્ય વ્યવસ્થા નહીં કરવામાં આવે તો પણ ઠેર ઠેર અવ્યવસ્થાના દ્રશ્યો જોવા મળશે. જયારે સાયકલ શેરિંગ જેવા પ્રોજેકટને પ્રયોગિક ધોરણે હાથ ધરીને લાખોના ખર્ચ પર પાણીઢોળ થયુ છે ત્યારે આવા પ્રોજેકટસ શરૂ કરતા પુર્વે કાયમીરૂપે આમ નાગરિકોને ઉપયોગી થાય તે દિશામાં આયોજન કરવુ જોઈએ તેવી પણ લાગણી અને માંગણી પ્રબળ બની છે.







Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com